# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-Nov-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઓડિશાની ત્રણ દિવસની મુલાકાતે.. અખિલ ભારતીય મહાનિર્દેશકોની પરિષદમાં ઉપસ્થિત રહેશે...
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે છેલ્લા 10 વર્ષમાં આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ, વિદ્રોહ અને નાર્કોટિક્સ સામે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ
3) કેન્દ્રિય કાપડમંત્રીએ કહ્યું કે, વર્ષ 2030 સુધીમાં દેશના કાપડ ઉદ્યોગના ટર્નઓવરને 350 અબજ ડૉલર સુધી પહોંચાડાશે.
4) મહારાષ્ટ્રમાં સરકાર રચવાની ચર્ચા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શિંદે અને પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસ સાથે બેઠક
5) ઉત્તર પ્રદેશ સરકારે સંભલમાં હિંસાની ઘટનાની ન્યાયિક તપાસનો આદેશ આપ્યો
6) ઓમાનમાં રમાઈ રહેલી પુરુષ જુનિયર એશિયા કપ હોકી ટુર્નામેન્ટમાં ભારતનો જાપાન સામે વિજય

## *REV. PM-ODISHA*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઓડિશાની ત્રણ દિવસની મુલાકાતે જશે. ભુવનેશ્વર ખાતે અખિલ ભારતીય મહાનિર્દેશકો અને પોલીસ મહાનિરીક્ષકોની પરિષદ સહિતના વિવિધ કાર્યક્રમોમાં પ્રધાનમંત્રી હાજરી આપશે..**

લોક સેવા ભવન ખાતે આજથી 3 દિવસીય સંમેલન શરૂ થશે. આ પરિષદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સહિત મહાનુભાવો પણ હાજરી આપશે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ મહાનિર્દેશકો અને CRPF, RAW, NSG, ઈન્ટેલિજન્સ બ્યુરો અને SPGના વડાઓ પણ આ પરિષદમાં ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રીય સુરક્ષા પડકારો અને પોલીસ દળોની વિકસતી જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ પરિષદનનું આયોજન કરવામાં આવ્યું છે. એજન્ડામાં આંતરિક સુરક્ષા, સાયબર ક્રાઈમ, માઓવાદી ખતરા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડ્રોન જેવી ઉભરતી ટેક્નોલોજીઓ દ્વારા ઊભા થયેલા પડકારો પર આ પરિષદમાં ચર્ચા કરવામાં આવશે..

.................

## *AMIT SHAH TERRORISM*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે છેલ્લા 10 વર્ષમાં આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ, વિદ્રોહ અને નાર્કોટિક્સ સામે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે.

મસૂરીમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન ખાતે વિદાય સમારંભને સંબોધતા શ્રી શાહે કહ્યું કે, કેન્દ્ર સરકારની મક્કમ નીતિઓએ ઇચ્છિત પરિણામ આપ્યું છે. ગૃહમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે 31 માર્ચ, 2026 સુધીમાં ડાબેરી ઉગ્રવાદને સંપૂર્ણપણે નાબૂદ કરાશે.

.................

## *SURAT GIRIRAJSINH*

વર્ષ 2030 સુધીમાં દેશના કાપડ ઉદ્યોગના ટર્નઓવરને 350 બિલિયન ડોલર સુધી પહોંચાડવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક હોવાનું કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહે જણાવ્યું હતું.

કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજસિંહના અધ્યક્ષસ્થાને સુરત ખાતે પીએમ મિત્ર પાર્ક સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વાંસી બોરસી ખાતે 1141 એકરમાં નિર્માણાધિન છે પીએમ મિત્ર પાર્ક પાર્ક માટે જમીન લેવલિંગ, પાણી અને વિજળી સહિતની સુવિધાઓની કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહ દ્વારા સમીક્ષા કરાઇ હતી.

બેઠકમાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, સુરત કાપડ ઉદ્યોગનું હબ છે. દુનિયામાં કાપડ ક્ષેત્રે સુરતની આગવી ઓળખ ઉભી થઇ છે. આ ઉદ્યોગ લાખો લોકોના રોજગારીનું માધ્યમ બન્યો છે, ત્યારે વર્ષ 2030 સુધીમાં દેશના કાપડ ઉદ્યોગના ટર્નઓવરને 350 બિલિયન ડોલર સુધી પહોંચાડવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે.

.................

## *OFFSHORE BLOCK AUCTION*

કેન્દ્રીય ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ નવી દિલ્હીમાં ઓફશોર મિનરલ બ્લોકની હરાજીના પ્રથમ તબક્કાની શરૂઆત કરી છે.

અરબી સમુદ્ર અને આંદામાન સમુદ્રમાં ફેલાયેલા 13 ખનિજ બ્લોક્સનો આ હરાજીમાં સમાવેશ થાય છે, જેમાં રેતી, ચૂનો-કાદવ અને પોલિમેટાલિક નોડ્યુલ્સ અને ક્રસ્ટ્સ જેવા ખનિજોનું મિશ્રણ છે. આ ખનિજો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ અને ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન માટે મહત્વપૂર્ણ છે.

આ પ્રસંગે બોલતા મંત્રીએ કહ્યું કે વિશ્વના બહુ ઓછા દેશો ઓફશોર માઇનિંગનો વિકલ્પ પસંદ કરે છે અને ભારત આ લીગમાં જોડાયું છે. શ્રી રેડ્ડીએ ઉમેર્યું હતું કે કોબાલ્ટ, નિકલ, કોપર અને મેંગેનીઝ જેવા નિર્ણાયક ખનિજોની માંગ ઝડપથી વધી રહી છે અને ભવિષ્યમાં તે ભારતમાં વધુ વધશે.

.................

## *AMIT SHAH – SHINDE MEET*

મહારાષ્ટ્રના રખેવાળ સરકારના મુખ્યમંત્રી અને શિવસેનાના નેતા એકનાથ શિંદે, ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ અને NCPના વડા અજિત પવાર ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને મળ્યા હતા.

આ બેઠકમાં મહારાષ્ટ્રમાં  સરકારની રચના અંગે ચર્ચા કરવામાં આવી  હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અને ભાજપ અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા પણ હાજર હતા.

શ્રી એકનાથ શિંદે પહેલાથી જ કહી ચુક્યા છે કે તેઓ રાજ્યમાં સરકારની રચનામાં અવરોધરૂપ બનશે નહીં અને રાજ્યમાં ટોચના હોદ્દા અંગે ભાજપના કેન્દ્રીય નેતૃત્વના નિર્ણયને અનુસરશે.

તાજેતરમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિએ પ્રચંડ જીત નોંધાવી છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *UP INQYIRY*

ઉત્તર પ્રદેશ સરકારે સંભલમાં હિંસાની તાજેતરની ઘટનાની ન્યાયિક તપાસનો આદેશ આપ્યો છે જેમાં ઓછામાં ઓછા ચાર લોકોએ જીવ ગુમાવ્યો હતો.

હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર અરોરાની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની સમિતિને આ મામલાની તપાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. સમિતિના અન્ય બે સભ્યોમાં નિવૃત્ત IAS અધિકારી અમિત મોહન પ્રસાદ અને ભૂતપૂર્વ

IPS અધિકારી અરવિંદ કુમાર જૈન છે. કમિટીને બે મહિનામાં તેનો રિપોર્ટ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશના ગૃહ વિભાગ દ્વારા સમિતિની રચના કરવાનો આદેશ અપાયો હતો. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, જામા મસ્જિદ વિરૂધ્ધ હરિહર મંદિર વિવાદમાં કોર્ટ દ્વારા આપવામાં આવેલા સર્વેક્ષણના આદેશના અમલ દરમિયાન 24 નવેમ્બરે થયેલી હિંસાની ઘટના પૂર્વ આયોજિત કાવતરું હતું કે સામાન્ય અપરાધિક ઘટના હતી તેની તપાસ કરવામાં આવે.

દરમિયાન, સુપ્રીમ કોર્ટ આજે જિલ્લા અદાલતના 19 નવેમ્બરના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરશે, જેમાં સંભલમાં વિવાદિત સ્થળનો સર્વે હાથ ધરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેંચ જામા મસ્જિદની મેનેજમેન્ટ કમિટિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરશે.

.................

## *INDIA ZAMBIA MEDICAL SUPPLY*

ભારતે ઝામ્બિયાની આરોગ્યસંભાળ પ્રણાલીને સહાય આપવા માટે તબીબી ઉપકરણોનો પુરવઠો ઉપલબ્ધ કરીને ઝામ્બિયા સાથેની ભાગીદારીને મજબૂત બનાવી છે.

ગઈકાલે મુંબઈથી તબીબી પુરવઠો રવાના કરવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલય પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું છે કે, હોસ્પિટલના બેડ, ઓપરેશન થિયેટર ટેબલ, એનેસ્થેસિયા મશીનો અને અન્ય ઉત્પાદનો સહિતનો તબીબી પુરવઠો આજે મુંબઈના ન્હવા શેવા બંદરથી રવાના થયો હતો.

.................

## *INDIA BOSNIA FOC*

ભારત અને બોસ્નિયા અને હર્ઝેગોવિનાએ ગઈકાલે સારાજેવોમાં 4થી વિદેશ પરામર્શ મુલાકાત - FOC યોજી હતી.

વિદેશ મંત્રાલય એ કહ્યું કે બંને દેશોએ આ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓની વ્યાપક સમીક્ષા કરી હતી. રાજકીય સંબંધો, વેપાર અને રોકાણ, વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં સહકાર, સાંસ્કૃતિક સંબંધો અને પર્યટનમાં થયેલી પ્રગતિ સહિત વિવિધ મુખ્ય વિષયો પર ચર્ચાઓ કેન્દ્રિત હતી. બંને પક્ષો પરામર્શ મુલાકાતની આગામી આવૃત્તિ નવી દિલ્હીમાં યોજવા પર પણ સંમત થયા હતા.

.................

## *HOCKEY - JUNIOR ASIA CUP*

ઓમાનના મસ્કતમાં રમાઈ રહેલી પુરુષ જુનિયર એશિયા કપ 2024 હોકી ટુર્નામેન્ટમાં ગઇકાલે રસાકસી ભરી મેચમાં ભારતે જાપાન સામે 3-2 વિજય મેળવ્યો છે.

પુલ Aમાં ભારતની આ સતત બીજી જીત છે, અગાઉ ભારતે થાઈલેન્ડ સામેની 11-0વિજય મેળવ્યો હતો. ભારતે થોકચોમ કિંગ્સન સિંઘ દ્વારા પેનલ્ટી કોર્નર રિબાઉન્ડ અને ત્યારબાદ રોહિત અને અરાયજીત સિંહ હુંદલના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી ગોલ કર્યા હતા તો જાપાનના નીઓ સાતોએ પેનલ્ટી કોર્નરથી બે ગોલ કરીને વળતો જવાબ આપ્યો હતો.

આવતીકાલે, ભારત તેની આગામી મેચમાં ચાઈનીઝ તાઈપેઈ સામે ટકરાશે અને અંતિમ ગ્રુપ-સ્ટેજ મુકાબલામાં રવિવારે કોરિયા સામે રમશે.

.................

## *PRO KABADDI LEAGUE*

પ્રો કબડ્ડી લીગમાં, તેલુગુ ટાઇટન્સે યુ મુમ્બાને 41-35થી હરાવીને 11મી સિઝનની તેમની નવમી જીત હાંસલ કરી છે.

ટાઇટન્સે શરૂઆતમાં પ્રભાવી દેખાવ સાથે પ્રથમ હાફમાં બે ઓલ આઉટ આપીને 25-13ની સરસાઈ મેળવી હતી. અને અન્ય એક ઓલ આઉટ સાથે જીત મેળવી હતી.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

## હર્ષલ પંડ્યા

- આજના અખબારોમાં ઓસ્ટ્રેલિયામાં 16 વર્ષથી  નીચેના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ,સુરત ગૌચર જમીનનું કૌભાંડ,અજમેર શરિફ દરગાહ મામલે સપાના નેતાની નીચલી કોર્ટો ઉપર દોશનો ટોપલો અને મહારાષ્ટ્રના સીએમ મુદ્દે સસ્પૈન્સ યથાવત જેવા સમાચા મુખ્ય પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- ગુજરાત સમાચારે અજમેર શરિફ દરગાહ મામલે સમાજવાદી પાર્ટીના નેતા રામગોપલા યાદવે નાની કોર્ટોના જજો દેશને ભડકે બાળવા માંગે છે તેવા નિવેદનને મુખ્ય સમચારા બનાવ્યાં છે
- અખબાર નવગુજરાત સમયે  મહારાષ્ટ્રના સીએમ મુદ્દે સસ્પેન્સ યથાવત એ હેડલાઇન છે
- ફૂલછાબ દૈનિકે રશિયાનો યુક્રેન ઉપર ભીષણ હુમલો... યુક્રેનમાં અંધારપટના સમાચાર હેડલાઇનમાં છે
- ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ સુપ્રીમ કોર્ટે યુપીની અદાલતને સૂચન કરતા કહ્યું છે સિવિલ કેસોને ક્રિમિનલ કેસમાં તબદીલ ન કરો તેવા હેડિંગ સાથે સમાચાર પ્રસિધ્ધ કર્યા છે
- ઇન્ડિયન એક્સપ્રેસે ઇવીએમ મામલે કોંગ્રસના નેતાઓ વચ્ચે ખેંચતાણના સમાચારને મુખ્ય બનાવ્યા છે
- આ ઉપરાંત અખબારોમા  સિધ્ધુના આયુર્વેદિક ઉપચાર કરીને પત્નીને કેન્સર મટાડવા અંગેના સમાચાર સામે કરવામાં આવેલા દાવાની સમાચાર પણ પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.

- ઇસ્કોન ઉપર પ્રતબિબંધ લાદવાના બાંગ્લાદેશ સરકારના પ્રયાસ પર હાઇકોર્ટની બ્રેક અને ઇસ્કોન પર પ્રતિબંધ ન લાદવા બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાની અપીલ અંગેના સમાચાર પણ પહેલા પેજ પર અલગ અલગ જગ્યાએ છપાયેલા જોવા મળી રહ્યાં છે.

--------------